રજૂ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૫.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૮/૨૦૨૬.**

**અરજદાર :–** **બલબીર રીમખીલાડી ખટીક,**
રહેવાસી : એ/૩૯, હરિધામ સોસાયટી,
અર્ચના સ્કૂલ, વરાછા, સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧–૨૧૪૦૪૬૨૬૦૦૭૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૬, ૫૪ મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે.

અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી પી. આઈ. જોધપુરીયાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૬, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. ફરિયાદમાં અરજદારનું વર્ણન જણાવવામાં આવેલ નથી. આ કામની ફરિયાદ મોડી આપવામાં આવેલ છે, જેનો કોઇ વાજબી ખુલાસો જણાવવામાં આવેલ નથી. બનાવ ચોકકસ કયા દિવસે બનેલ તેનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર નોકરી કરે છે. અરજદાર ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૬, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદારે સહઆરોપી હંસરાજ દુર્જન સિંહનાઓ સાથે મળી વડદલા ગામની સીમમાં આવેલ મિનાક્ષી એમ્બ્રોઇડરી યાર્નના સ્ટોરેજ રૂમમાંથી આશરે દસ લાખ રૂપિયાની કિંમતના યાર્નની ચોરી કરેલ. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ

ચાલુ છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૬, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર સામે સહઆરોપી હંસરાજ દુર્જન સિંહનાઓ સાથે મળી વડદલા ગામની સીમમાં આવેલ મિનાક્ષી એમ્બ્રોઇડરી યાર્નના સ્ટોરેજ રૂમમાંથી આશરે દસ લાખ રૂપિયાની કિંમતના યાર્નની ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે. આમ, હાલના અરજદાર સામે યાર્નની ચોરી કરવા સંબંધેનો આક્ષેપ જણાઈ આવે છે. સદર ગુનાની તપાસ દરમ્યાન ચોરીમાં ગયેલા મુદ્દામાલ પૈકીનો મોટા ભાગનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપી પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઈ આવતું નથી. આરોપી સામેના ગુનાની ટ્રાયલ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવા પાત્ર છે અને આરોપી સામેની ટ્રાયલ ચાલી આખરી નિકાલ આવતાં સમય જાય તેમ છે. અરજદાર સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઈ હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઈ આવતી નથી, એટલે કે અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર તારીખ : ૧૮/૦૨/૨૦૨૬ ના રોજથી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર મધ્યપ્રદેશ રાજયના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારની હાજરી ઉપલબ્ધ બની રહે તે માટે યોગ્ય શરતો લાદવી ઉચિત જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઈ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઈ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે

સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપી બલબીર રામખીલાડી ખટીકનાઓની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૮૮/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૬૦૦૭૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૬, ૫૪ મુજબના ગુનાના કામે આરોપી રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૭ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૭/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594